(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. વંદનાના પ્રકાર કેટલા? વંદના કરવાનું ફળ કોને મળ્યું?

**જ. વંદનાના પ્રકાર ત્રણ. વંદના કરવાનું ફળ કૃષ્ણ વાસુદેવને મળ્યું.**

૨. છ આવશ્યકમાંથી દેવના આવશ્યક કેટલા? કયા?

**જ. છ આવશ્યકમાંથી દેવના આવશ્યક એક. ચઉવીસત્થો.**

૩. પૌષધ એટલે શું?

**જ. પૌષધ એટલે જ્ઞાન–દર્શન–ચારિત્ર વડે આત્માને પોષણ આપવું તે.**

૪. સબલા દોષ એટલે શું? તે કેટલા છે?

**જ. સબલા દોષ એટલે જે કાર્ય કરવાથી ચારિત્રની નિર્મળતા નષ્ટ થાય તે. તે ૨૧ છે.**

૫. ઉવભોગ એટલે શું? ૨૬ બોલમાં ઉવભોગના બોલ કેટલા?

**જ. ઉવભોગ એટલે જે પદાર્થ ફક્ત એક જ વખત વાપરી શકાય. ૨૬ બોલમાં ઉવભોગના બોલ ૨૦ છે.**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. મૂળ સૂત્ર એટલે શું? તે કેટલા છે? કયા કયા? (૩)

**જ. મૂળ સૂત્ર એટલે સાધુની જીવનચર્યામાં જે મૂળરૂપે સહાયક બને છે તથા જેનું અધ્યયન સાધુ માટે સર્વ પ્રથમ જરૂરી છે. તે ચાર છે. દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, નંદી સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર.**

૨. શતક, વક્ષસ્કાર અને વત્થુ એટલે શું? પ્રજ્ઞાપના સૂત્રની રચના કોણે કરી? (૨)

**જ. શતક – અધ્યયનનું મૌલિક નામ. વક્ષસ્કાર – ઘોડાની પીઠ (અશ્વ સ્કંધ). વત્થુ – પૂર્વનો અક્ષર વિશેષ. પ્રજ્ઞાપના સૂત્રની રચના શ્રી શ્યામાચાર્યએ કરી.**

૩. કેટલી ચોમાસી પાખીની અસજ્ઝાય બતાવી છે? ક્યારે હોય? કેટલા સમયની? (૨)

**જ. બે ચોમાસી પાખીની અસજ્ઝાય બતાવી છે. કારતક સૂદ પૂનમ અને વદ એકમની, અષાઢ સુદ પૂનમ અને વદ એકમની. બે દિવસ એટલે ૪૮ કલાકની.**

૪. દિગ્દાહ એટલે શું? તેની અસજ્ઝાય કેટલા સમયની? (૧×૩)

**જ. દિગ્દાહ એટલે દિશા લાલવર્ણની દેખાય. તેની અસજ્ઝાય જ્યાં સુધી દેખાય ત્યાં સુધીની હોય.**

૫. રાજાનું અવસાન થાય ત્યારે કઈ અસજ્ઝાય હોય? રાજવ્યુદ્ગ્રહ એટલે શું?

**જ. રાજાનું અવસાન થાય ત્યારે પતન અસજ્ઝાય હોય.**
**રાજવ્યુદ્ગ્રહ એટલે યુદ્ધસ્થાન કે રણભૂમિની નજીક.**

૬. ....... અને ....... પ્રકાશમાન દ્રવ્યને ઉલ્કાપાત કહે છે.

**જ. રેખાસહિત, રેખારહિત.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાને દીક્ષા પૂર્વે શું ત્યાગ સાધના કરી હતી? (૩)

**જ. ભગવાને દીક્ષા પૂર્વે કરેલી ત્યાગ સાધના – બે વર્ષથી કાંઈક વધારે સમય સુધી ગૃહસ્થવાસમાં રહેવા છતાં તેમણે સચેત પાણીનો ઉપયોગ કર્યો નહોતો. તેઓ એકત્વભાવમાં ઓતપ્રોત થઈ ક્રોધ કષાયને શાંત કરી શાંત ઈન્દ્રિયવાળા બની ગયા હતા. આમ, ભગવાને ગૃહસ્થવાસમાં જ સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરી દીધો હતો.**

૨. ભગવાન નિદ્રાને શું માનતા હતા? નિદ્રા આવે ત્યારે શું કરતા હતા? (૨)

**જ. ભગવાન નિદ્રાને પ્રમાદ માનતા હતા. થોડી પણ ઊંઘ આવે તો તેઓ ઉઠીને પોતાના આત્માને સદા જાગૃત રાખતા હતા. ક્યારેક શીતકાળની રાત્રિમાં નિદ્રા આવવા લાગે તો બહાર આંટા મારી ફરી ધ્યાન તેમ જ આત્મ ચિંતનમાં મગ્ન થઈ જતા હતા.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પ્રત્યાખ્યાનના પ્રકાર લખો.

**જ. પ્રત્યાખ્યાનના બે પ્રકાર છે. ૧) કેટલાક લોકો મનથી (અશુભ કાર્યોનો ત્યાગ) પ્રત્યાખ્યાન કરે છે. ૨) કેટલાક લોકો વચનથી પ્રત્યાખ્યાન કરે છે. અથવા ૧) કેટલાક લોકો લાંબાકાળના પ્રત્યાખ્યાન કરે છે. ૨) કેટલાક લોકો અલ્પકાળના પ્રત્યાખ્યાન કરે છે.**

૨. કયા ચક્રવર્તી ક્યાં ઉત્પન્ન થયા? શા માટે?

**જ. સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ઉત્પન્ન થયા કારણ કે તેઓએ કામભોગનો ત્યાગ કર્યો ન હતો.**

૩. કર્મના પ્રકાર લખો.

**જ. કર્મના પ્રકાર – ૧) પ્રદેશ કર્મ : કર્મ પરમાણુની સંખ્યા પરિણામ. જે કર્મો માત્ર પ્રદેશથી વેદાય, ફળનું વેદન ન થાય તે. ૨) અનુભાગ કર્મ : કર્મની ફળ આપવાની શક્તિ. જે કર્મોનો અવશ્ય વિપાકોદય થાય તે. જે કર્મો પોતાના ફળનો અનુભવ કરાવે તે.**

૪. કયા તીર્થંકર કોના સમાન નીલા અને ગૌર વર્ણવાળા હતા?

**જ. બે તીર્થંકર નીલકમળ સમાન નીલા વર્ણવાળા હતા. મુનિસુવ્રત અને અરિષ્ટનેમિ.**
**બે તીર્થંકર ચંદ્ર જેવા શ્વેત–ગૌર વર્ણવાળા હતા. ચંદ્રપ્રભ અને પુષ્પદંત અથવા સુવિધિનાથ.**

૫. કયા તીર્થંકર એકલા મોક્ષમાં ગયા? અંતઃકૃત અને પરિનિવૃત્ત એટલે શું? ૪ હાથની અવગાહના કોની છે?

**જ. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એકલા મોક્ષમાં ગયા. અંતઃકૃત એટલે સંસારનો અંત કરવાવાળા. પરિનિવૃત્ત એટલે કર્મકૃત વિકારોથી રહિત. ૪ હાથની અવગાહના ૭મા–૮મા દેવલોકમાં છે.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પાંચ વર્ષ પૂર્ણ થવા પર ધન્ય સાર્થવાહને શું વિચાર આવ્યો?

**જ. આજથી પાંચ વર્ષ પહેલા મેં ચારે પુત્રવધૂઓની પરીક્ષા કરવા માટે ૫–૫ કમોદના દાણા તેઓના હાથમાં આપ્યા હતા. કાલે સૂર્યોદય થાય ત્યારે તે પાંચ કમોદના દાણાં મારા માટે પાછા માંગવા યોગ્ય છે. તેનાથી હું જાણી શકીશ કે કોણે કઈ રીતે તેનું સંરક્ષણ, સંગોપન અને સંવર્ધન કર્યું છે.**

૨. ધન્ય સાર્થવાહે ભોગવતીને કયું કામ સોંપ્યું?

**જ. ધન્ય સાર્થવાહે ભોગવતીને ખાંડનારી, કૂટનારી, દળનારી, ધાન્યના ફોતરાં દૂર કરનાર, કઠોળની દાળ બનાવનારી, રાંધનારી, પીરસનારી, પીરસણા મોકલનારી, ઘરની અંદર દાસીનું કામ કરનારી અને રસોયાણીરૂપે નિયુક્ત કરી.**

૩. રોહિણીએ પોતાના પિયરના માણસોને શું કહ્યું?

**જ. હે દેવાનુપ્રિય ! તમે કમોદના આ પાંચ દાણા લઈ જાઓ અને વર્ષાના આરંભમાં જ્યારે ખૂબ વર્ષા થાય ત્યારે એક નાની ક્યારીને સાફ કરાવીને, આ પાંચ દાણાં વાવીને બે ત્રણ વાર ઉત્ક્ષેપ–નિક્ષેપ કરીને ક્યારીની ચારે બાજુ વાડ કરીને, તેની રક્ષા, સંગોપન કરતા અનુક્રમે તેનું સંવર્ધન કરો.**

૪. ક્ષમા આદિ ગુણોથી પરિપૂર્ણ કોણ થાય છે?

**જ. જે સાધુ અથવા સાધ્વી દીક્ષિત થઈને ક્ષમાથી યાવત્ બ્રહ્મચર્ય આદિ ગુણોથી પણ અધિક થાય છે, તે ક્રમશઃ ક્ષમાથી યાવત્ બ્રહ્મચર્યની આરાધનાથી અધિકતર થતા જાય છે. નિશ્ચયથી તે ક્રમશઃ વધતા વધતા ક્ષમા આદિ ગુણોથી પરિપૂર્ણ થાય છે.**

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. જંબૂ સ્વામીએ સુધર્મા સ્વામીને શું કહ્યું?

**જ. જંબૂ સ્વામીએ સુધર્મા સ્વામીને કહ્યું, હે ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીરે છટ્ઠા અંગસૂત્ર જ્ઞાતાધર્મકથાનો જે અર્થ કહ્યો છે તે મેં સાંભળ્યો છે. હવે સાતમા અંગ ઉપાસક દશાંગનો શું અર્થ કહ્યો છે?**

૨. આનંદ શ્રાવકે કેટલા શાક અને દાળની મર્યાદા કરી?

**જ. આનંદ શ્રાવકે બથવાની ભાજી, સુવા, પાલક, ભીંડો અને દૂધી સિવાયના શાકનો ત્યાગ કર્યો. ચણાના સૂપ, મગના સૂપ અને અડદના સૂપ સિવાય બાકીની બધી દાળનો ત્યાગ કરું છું.**

૩. જિતશત્રુ રાજાએ ભગવાન મહાવીર સ્વામીની કાયિક અને માનસિક પર્યુપાસના કેવી રીતે કરી?

**જ. જિતશત્રુ રાજાએ ભગવાનની કાયિક પર્યુપાસનારૂપે હાથ–પગને સંકુચિત કર્યા અને માનસિક પર્યુપાસના રૂપે પોતાનામાં અત્યંત સંવેગ, મુમુક્ષુભાવ ઉત્પન્ન કરતા તીવ્ર ધર્મ અનુરાગથી અનુરક્ત રહી પર્યુપાસના કરવા લાગ્યા.**

૪. ગૌતમ સ્વામીને આવતા જોઇ આનંદ શ્રાવકે ગૌતમ સ્વામીને શું કહ્યું?

**જ. હે ભગવાન ! હું આ ઉગ્ર તપને કારણે કૃશ શરીર, નસો દેખાઈ તેવા શરીરવાળો થઈ ગયો છું. તેથી આપની પાસે આવી આપના પગે વંદન કરવાને સમર્થ નથી. હે ભગવાન ! આપ જ ઈચ્છાપૂર્વક મારી પાસે આવવાની કૃપા કરો, તો હું મસ્તક ઝુકાવી ત્રણવાર વંદન–નમસ્કાર કરી શકું.**

૫. આનંદ શ્રાવક કાળ કરીને ક્યાં ઉત્પન્ન થયા? ત્યાંથી ક્યાં જશે?

**જ. આનંદ શ્રાવક કાળ કરીને સૌધર્મ દેવલોકમાં સૌધર્માવતંસક મહાવિમાનની ઉત્તર–પૂર્વ દિશાએ અરુણાભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધપદને પ્રાપ્ત કરશે.**

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ગૌતમ અણગારે ૧૧ અંગ સૂત્રનું જ્ઞાન ભણતા શું તપ કર્યું? (૨×૨)

**જ. ગૌતમ અણગારે અગિયાર અંગ સૂત્રનું જ્ઞાન ભણતા ઘણા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, ચોલા, પંચોલા, પંદર ઉપવાસ, માસક્ષમણ આદિ ઘોર તપસાધના કરી, આત્માને ભાવિત કરતા, વિચરણ કરતા તથારૂપ શ્રમણ બની ગયા.**

૨. ગુણરત્ન સંવત્સર તપના ત્રીજા અને આઠમા મહિનાનું વર્ણન કરો.

**જ. ગુણરત્ન સંવત્સર તપ – ત્રીજા મહિનામાં ૮ અટ્ઠમ, ૨૪ તપ દિવસ, ૮ પારણા દિવસ, કુલ ૩૨ દિવસ. આઠમા મહિનામાં ત્રણવાર અટ્ઠાઈ, ૨૪ તપ દિવસ, ૩ પારણા દિવસ, કુલ ૨૭ દિવસ.**

૩. તલવર અને ઈભ્ય કોને કહેવાય? (૧)

**જ. તલવર – રાજાના કૃપાપાત્ર–ઊંચી પદવી મેળવેલ. ઈભ્ય – અંબાડી સહિત હાથીને જેનો સોનાનો ઢગલો ઢાંકી દે તેવા.**

(૫)

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જાલિ અણગાર હમણા ક્યાં છે? ત્યાં આયુષ્ય કેટલું? ત્યાંથી ક્યાં જશે? છેલ્લા ૪ અધ્યયનના નામ લખો.(૩)

**જ. જાલિ અણગાર હમણા વિજય નામના અનુત્તર વિમાનમાં છે. ત્યાં આયુષ્ય બત્રીસ સાગરોપમ છે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જશે. છેલ્લા ૪ અધ્યયનના નામ – ૭) લષ્ટદંતકુમાર ૮) વેહલ્લકુમાર ૯) વેહાયસકુમાર ૧૦) અભયકુમાર.**

૨. જાલિ કુમારે પોતાની દરેક પત્નીને શું આપ્યું? (૨)

**જ. જાલિ કુમારે પોતાની દરેક પત્નીને ૧–૧ કરોડ ચાંદી આપી, ૧–૧ કરોડ સુવર્ણ આપ્યું, ૧–૧ પ્રેષ્યકર્મ કરનારી દાસી આપી. તે સિવાય બીજું ઘણું ધન–સોનું આપ્યું.**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક તથા પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

**૧. ધૂવણેત્તિ વમણે ય, વત્થી કમ્મ વિરેયણે ।**
**અંજણે દંતવણે ય, ગાયાબ્ભંગ વિભૂસણે ॥**

**અર્થ : (૪૫) ધૂવણે–વસ્ત્ર આદિને ધૂપ આપી સુગંધિત કરવા. (૪૬) વમણે–ઔષધ આદિથી વમન કરવું. (૪૭) વત્થી કમ્મ–મળની શુદ્ધિ માટે એનીમા વગેરે લેવા. (૪૮) વિરેચણે–રેચ, જુલાબ લેવો. (૪૯) અંજણે–આંખમાં આંજણ કરવું. (૫૦) દંતવણે–દાંત રંગવા. (૫૧) ગાયબ્ભંગ–શરીરને તેલ ચોળવું. (૫૨) વિભૂસણે–શરીરની ટાપટીપ કરવી, આભૂષણો ધારણ કરવા.**

૨. અહં ચ **ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવણ્હિણો ।**
**મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓ ચર ।।**
**અર્થ : હું ભોજરાજાના કુળના ઉગ્રસેન રાજાની પુત્રી છું અને તું અંધગવિષ્ણુના કુળના સમુદ્રવિજય રાજાનો પુત્ર છે. આપણે ગંધન સર્પ સમાન ન થઈએ, માટે તું તારા મનને સ્થિર કર.**

૩. એમે એ **સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો ।**
**વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણે રયા ।।**
**અર્થ : તે જ પ્રકારે લોકમાં જે મુક્ત શ્રમણો–સાધુ છે, તે દાતા પાસેથી એષણિક ૪૨ દોષરહિત આહાર–પાણી શોધવામાં રત રહે છે, જેમ ભમરો પુષ્પોના રસમાં રત રહે છે.**

૪. હત્થીસુ **એરાવણમાહુ ણાએ, સીહો મિયાણં સલીલાણ ગંગા ।**
**પક્ખીસુ વા ગરુલે વેણુદેવે, નિવ્વાણવાદીણિહ** નાયપુત્તે ।।
**અર્થ : જેમ હાથીઓમાં ઐરાવત હાથી, પશુઓમાં સિંહ, નદીઓમાં ગંગા, પક્ષીઓમાં ગરુડ શ્રેષ્ઠ છે, તેમ મોક્ષવાદીઓમાં જ્ઞાતપુત્ર મહાવીર શ્રેષ્ઠ છે.**

૫. અણુત્તરં **ધમ્મમિણં જિણાણં, ણેયા મુણી કાસવ આસુપણ્ણે ।**
**ઈંદે વ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિ ણં** વિસિટ્ઠે ।।
**અર્થ : દેવલોકને વિષે ઈન્દ્ર જેમ દેવોમાં મહાપ્રભાવક, હજારો દેવોના નાયક અને સર્વોત્તમ છે, તેમ સર્વ તીર્થંકરોએ પ્રરૂપેલો આ જે સર્વોત્તમ ધર્મ છે, તેને પ્રકાશ કરનાર કાશ્યપ ગોત્રી, આશુપ્રજ્ઞ અને કેવળજ્ઞાની શ્રી મહાવીરદેવ સર્વથી ઉત્તમ હતા.**

**(૧૦)**

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આપણા પર માતા–પિતાનો ઉપકાર શા માટે છે? (૩)

**જ. જ્યાં સુધી જીવનું ભવધારિણીય શરીર રહે છે ત્યાં સુધી માતા–પિતાનો અંશ રહે છે, પરંતુ સમય સમય પર તે ક્ષીણ થતું જાય છે યાવત્ આયુષ્ય સમાપ્ત થવા સુધી માતા–પિતાનો કોઇ ને કોઇ અંશ રહે જ છે. માટે આ શરીર પર માતા–પિતાનો બહુ મોટો ઉપકાર છે.**

૨. શરીર કેટલા છે? કયા કયા? જીવ કયા શરીર સાથે ઉત્પન્ન થાય છે? શા માટે? (૨×૩)

**જ. શરીર પાંચ છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, કાર્મણ. જીવ તેજસ અને કાર્મણ શરીર સાથે ઉત્પન્ન થાય છે કારણ કે આ બંને શરીર પરભવમાં જીવની સાથે રહે છે અને તેમનો જીવ સાથે અનાદિ સંબંધ છે.**

૩. એક, ત્રણ, છ અને અગિયાર માસ નિર્મળ સંયમ પાળે તો કોના સુખ ઉલ્લંઘી જાય છે?

**જ. એક માસ નિર્મળ સંયમ પાળે તો વાણવ્યંતર દેવોના સુખ ઉલ્લંઘી જાય છે. ત્રણ માસ નિર્મળ સંયમ પાળે તો અસુરકુમાર દેવોના સુખ ઉલ્લંઘી જાય છે. છ માસ નિર્મળ સંયમ પાળે તો સૌધર્મ–ઈશાન દેવોના સુખ ઉલ્લંઘી જાય છે. અગિયાર માસ નિર્મળ સંયમ પાળે તો નવ ગ્રૈવેયકના સુખ ઉલ્લંઘી જાય છે.**

૪. નિર્ગ્રંથના સુખ કેવા છે? કોની સાથે તુલના ન થઈ શકે? નિર્ગ્રંથના સુખોની શું બતાવી છે?

**જ. નિર્ગ્રંથના સુખ મોહનીય કર્મના વિજયથી પ્રાપ્ત થતા આત્મિક સુખ છે. ભૌતિક સુખોની સાથે આ સુખોની તુલના થઈ શક્તી નથી. નિર્ગંથના સુખોની અનુત્તરતા, અનુપમતા અને અણમોલતા બતાવી છે.**

૫. દેવ ક્યાં ઉત્પન્ન થાય છે? (૧)

**જ. દેવ મનુષ્ય ગતિ અને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે.**

**(૧૦)**

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ઉષ્ણ વેદના અને નિદા વેદના–પાણી, ત્રીજી નરક, મહાવિદેહના મનુષ્ય, સુપડિબદ્ધેના જીવોને હોય?

**જ. ઉષ્ણ વેદના પાણી, ત્રીજી નરકમાં, મહાવિદેહના મનુષ્યમાં, સુપડિબદ્ધેના જીવોને હોય.**
**નિદા વેદના ત્રીજી નરકમાં, મહાવિદેહના મનુષ્યમાં, સુપડિબદ્ધેના જીવોને હોય.**

૨. નારકીની સંજ્ઞાનો અલ્પબહુત્વ લખો.

**જ. નારકીમાં સર્વથી થોડી મૈથુન સંજ્ઞા, તેથી આહાર સંજ્ઞા સંખ્યાતગુણી, તેથી પરિગ્રહ સંજ્ઞા સંખ્યાતગુણી, તેથી ભય સંજ્ઞા સંખ્યાતગુણી.**

૩. આહાર સંજ્ઞાનું પહેલું, મૈથુન સંજ્ઞાનું ત્રીજું, પરિગ્રહ સંજ્ઞાનું ચોથું અને ભય સંજ્ઞાનું બીજું કારણ લખો.

**જ. આહાર સંજ્ઞાનું પહેલું – પેટ ખાલી થવાથી, મૈથુન સંજ્ઞાનું ત્રીજું – સ્ત્રી આદિને જોવાથી, પરિગ્રહ સંજ્ઞાનું ચોથું – ધન–પરિગ્રહની ચિંતવના કરવાથી અને ભય સંજ્ઞાનું બીજું – ભયમોહના ઉદયથી.**

૪. અનિદા અને અશાતા વેદના એટલે શું? કેટલા અને કયા દંડકમાં હોય?

**જ. અનિદા વેદના – ચિત્તના ઉપયોગરહિત વેદાતી અવ્યક્ત વેદના–મિથ્યાદષ્ટિ દ્વારા વેદાતી વેદના. ૨૪ દંડક.**
**અશાતા વેદના – વેદનીય કર્મના ઉદયે સ્વયં ઉદયમાં આવેલી પ્રતિકૂળ વેદના. ૨૪ દંડક.**

૫. પલ્યોપમની સ્થિતિ કયા દેવલોકમાં છે? તેઓ કેવી રીતે શ્વાસ લે છે? ૩૦૦ દિવસે કોણ શ્વાસ લે છે?

**જ. પલ્યોપમની સ્થિતિ ૧૦ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, પહેલા–બીજા દેવલોકમાં છે. તેઓ મુહૂર્ત પ્રમાણે શ્વાસ લે છે. ૩૦૦ દિવસે દશમા દેવલોક અને અગિયારમા દેવલોકવાળા શ્વાસ લે છે.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**૧. ત્રીજા પૂર્વનું નામ, પદ સંખ્યા, વત્થુ, ચુલવત્થુ, શાહી હસ્તિ, વિષય વર્ણન** લખો. **(૩)**

**જ. ત્રીજા પૂર્વનું નામ – વીર્ય પૂર્વ, પદ સંખ્યા – ૭૦ લાખ, વત્થુ – ૮, ચુલવત્થુ – ૮, શાહી હસ્તિ – ૪, વિષય વર્ણન – જીવોના વીર્યનું વર્ણન.**

૨. પાંચમી વાંચના ક્યારે થઈ? ત્યારે શું કરવામાં આવ્યું? **(૨)**

**જ. પાંચમી વાંચના વીર નિર્વાણ ૯૮૦ માં પૂ. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વમાં સંમેલન થયું ત્યારે મથુરા તેમ જ વલ્લભી વાંચનાનો સમન્વય, સંકલિત કરી આગમજ્ઞાનને શ્રુત પુસ્તકરૂપે કરવામાં આવ્યું.**

**જય – જિનેન્દ્ર**